સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 49 (04/12/22 to 10/12/22)**

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

G20
भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE











JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 04 DEC-2022


- દિવસ મહિમા : 04 ડિસેમ્બર, રાષ્ટ્રીય નૌસેના દિવસ ........ 02
- G-20ની અધ્યક્ષતા : ભારત ........ 02
- ગરુડ શક્તિ અભ્યાસ : ભારત - ઈન્ડોનેશિયા ........ 05
- રિટેલ ડિજિટલ રૂપિયો : RBI ........ 06
- QUESTION ANSWERS ........ 09


## 05 DEC-2022


- દિવસ મહિમા : 05 ડિસેમ્બર, વિશ્વ મૃદા દિન, આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ ........ 10
- વિજય હજારે ટ્રોફી 2022-23 : સૌરાષ્ટ્ર ચેમ્પિયન ........ 10
- RH200નું 200મું લોન્ચિંગ ........ 11
- કાઝીરંગા પ્રોજેક્ટ પર ભારત-ફ્રાન્સની ભાગીદારી ........ 12
- QUESTION ANSWERS ........ 13


## 06 DEC-2022


- દિવસ મહિમા : 06 ડિસેમ્બર, નાગરિક સુરક્ષા દિવસ, મહાપરિનિર્વાણ દિવસ (ડો. બાબાસાહેબ આંબેડકર પુણ્યતિથિ) ........ 14
- વિકલાંગ વ્યક્તિઓ માટે આરોગ્ય સમાનતા પર WHO વૈશ્વિક અહેવાલ ........ 14
- ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ........ 14
- QUESTION ANSWERS ........ 16


## 07 DEC-2022


- દિવસ મહિમા : 07 ડિસેમ્બર, સશસ્ત્ર સેના ધ્વજ દિન, આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ ........ 17
- વર્લ્ડ બેન્કે ભારતનો GDP ગ્રોથ 6.5% થી વધારે 6.9% કર્યો ........ 17
- ભારત-મધ્ય એશિયાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક ........ 18
- QUESTION ANSWERS ........ 19


## 08 DEC-2022


- દિવસ મહિમા : 08 ડિસેમ્બર, સબમરીન દિવસ ........ 20
- ચક્રવાત મેન્ડૌસ (Cyclone Mandous) ........ 20
- RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની બેઠક ........ 22
- QUESTION ANSWERS ........ 23


## 09 DEC-2022


- દિવસ મહિમા : 09 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન (International Anti-Corruption Day) ........ 24
- Wild Life (Protection) Amendment Bill, 2022 ........ 24
- ઓસ્ટ્રા હિન્દ - 22 (Austra Hind 22) અભ્યાસ ........ 25
- QUESTION ANSWERS ........ 26


## 10 DEC-2022


- દિવસ મહિમા : 10 ડિસેમ્બર, માનવ અધિકાર દિન (Human Right Day) ........ 27
- ત્રણ હિમાલયન ઔષધિય છોડ IUCN રેડ લિસ્ટમાં સામેલ ........ 27
- QUESTION ANSWERS ........ 28

ONE LINER ........ 29
QUESTION OF THIS WEEK ........ 34


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 04 ડિસેમ્બર, રાષ્ટ્રીય નૌસેના દિવસ



ભારતમાં નૌકાદળની સિદ્ધિઓની યાદમાં દર વર્ષે 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ દરમિયાન 4 ડિસેમ્બર, 1971ના રોજ ભારતીય નૌકાદળની મિસાઈલ બોટ દ્વારા પાકિસ્તાનના કરાચી બંદર પર કરવામાં આવેલા શક્તિશાળી હુમલાની યાદમાં તથા આ યુદ્ધના તમામ શહિદોના માનમાં ભારતમાં 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- નોંધનીય છે કે પાકિસ્તાનની સૈન્યએ 3 ડિસેમ્બર, 1971ના રોજ ભારતના હવાઈ વિસ્તાર અને સરહદી વિસ્તાર પર હુમલો કર્યો હતો.
- જવાબી કાર્યવાહીમાં ભારતે 'ઓપરેશન ટ્રાઈડેન્ટ' શરૂ કર્યુ હતું. અને આ સાથે 1971ના યુદ્ધની શરૂઆત થઈ હતી.

નોંધ: (1) ભારતમાં અંગ્રેજો દ્વારા 1612માં ભારતીય નૌસેનાની સ્થાપના કરવામાં આવી હતી.

(2) ભારતમાં જહાજ બાંધવાનો ઉદ્યોગ પોર્ટુગીઝોએ વિકસાવ્યો હતો.

(3) ભારતમાં 17મી સદીમાં થઈ ગયેલા મરાઠા સમ્રાટ શ્રી છત્રપતિ શિવાજી મહારાજ 'ભારતીય નૌસેનાના પિતા' ગણાય છે.

(4) ભારતીય નૌકાદળનું સુત્ર 'શમનો વરુણ' છે. તેનો અર્થ એ છે કે પાણીના દેવતા વરુણ આપણા માટે શુભ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## G-20ની અધ્યક્ષતા : ભારત

1 ડિસેમ્બર, 2022ના રોજ ભારતે ઔપચારિક રીતે એક વર્ષ માટે G20નું અધ્યક્ષ પદ સંભાળ્યું છે.

- વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર G20 જૂથની અધ્યક્ષતા દરમિયાન આયોજિત કાર્યક્રમોમાં નાગરિકોની ભાગીદારી સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે.
- નવી દિલ્હીમાં આ અંગે માહિતી આપતા વિદેશ મંત્રાલયે આ દિવસને અવિસ્મરણીય દિવસ ગણાવ્યો છે.
- આ અંતર્ગત જણાવવામાં આવ્યું હતું કે ભારતની અધ્યક્ષતાનું મુખ્ય તત્વ G20ને લોકોની નજીક લઈ જવાનું છે.
- વિવિધ જન ભાગીદારી કાર્યક્રમો દ્વારા મોટા પાયે નાગરિકોની ભાગીદારીનું આયોજન કરવામાં આવ્યું છે.
- અને ખાસ G-20 સત્રોમાં યુવાનો અને શાળાના વિદ્યાર્થીઓને સામેલ કરવાના પ્રયાસો કરવામાં આવશે.


- ભારતના અધ્યક્ષપદને ચિહ્નિત કરવા માટે અસંખ્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ દરમિયાન એક વિશેષ યુનિવર્સિટી કનેક્ટ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશભરની 75 યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ રીતે એક સાથે લાવવામાં આવ્યા હતા.
- આ પ્રસંગે ભારતના વિદેશમંત્રી <u>ડો.એસ.જયશંકર</u> વડાપ્રધાનશ્રીના અગ્ર સચિવ <u>શ્રી પી.કે.મિશ્રા</u> આ કાર્યક્રમમાં વિશિષ્ટ વક્તાઓમાં સામેલ થયા હતા.

## ભારતની G20 અધ્યક્ષતાનો લોગો અને થીમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ G20ના અધ્યક્ષપદ માટે ભારતના <u>લોગો</u>, <u>થીમ</u> અને <u>વેબસાઈટનું</u> અનાવરણ કર્યું હતું.

- G20 અધ્યક્ષતાનો લોગો, થીમ અને વેબસાઈટ ભારતનો સંદેશ અને વિશ્વની સર્વોચ્ચ પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે.
- G20ના લોગોમાં <u>કમળનું પ્રતીક</u> અને <u>થીમ</u> દર્શાવવામાં આવી છે.
- લોગોમાં કમળ એ <u>આશાનું પ્રતીક</u> છે.
- જેમાં <u>સાત કમળની પાંખડીઓ</u> સાત ખંડોનું પ્રતિનિધિત્વ કરે છે.
- ભારતના G20ના અધ્યક્ષ પદની થીમ <u>'વસુધૈવ કુટુંબકમ' – એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય (One Earth, One Family, One Future)</u> છે.
- નોંધનીય છે કે G20 લોગોના રંગ ભારતના રાષ્ટ્રધ્વજના રંગોમાંથી પ્રેરણા લે છે.

## G20ની અધ્યક્ષતા અને ટ્રોઈકા




G20નું અધ્યક્ષ પદ <u>દર વર્ષે સભ્યો વચ્ચે</u> ફરે છે.

- હાલ ભારત પાસે G20નું અધ્યક્ષપદ છે, જ્યારે અગાઉ વર્ષ 2022નું અધ્યક્ષ પદ ઈન્ડોનેશિયા પાસે હતું.
- અધ્યક્ષપદ ધરાવતો દેશ, અગાઉના અને આગામી અધ્યક્ષપદ ધારક સાથે મળીને G20ની કાર્યસૂચિની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે <u>Troika</u>ની રચના કરે છે.
- ટૂંકમાં કહીએ તો G20ની ટ્રોઈકા <u>વર્તમાન</u>, <u>ભૂતકાળ</u> અને <u>આગામી અધ્યક્ષ</u> દેશોની બનેલી છે.
- ટ્રોઈકા એટલે કે <u>ત્રણ લોકોનું</u> જૂથ એક સાથે કામ કરે છે. આ એક અંગ્રેજી શબ્દ છે.
- ભારતના અધ્યક્ષપદ દરમિયાન ટ્રોઈકા અનુક્રમે <u>ઈન્ડોનેશિયા</u>, <u>ભારત</u> અને <u>બ્રાઝિલ</u>નો સમાવેશ કરશે.

**નોંધ :** ડિસેમ્બર 2021માં ભારત ટ્રોઈકામાં જોડાયું હતું ત્યારે ટ્રોઈકામાં ઈટાલી, ઈન્ડોનેશિયા અને ભારતનો સમાવેશ થયો હતો. કારણ કે વર્ષ 2021માં ઈટાલી પાસે અધ્યક્ષ પદ હતું.

## G20માં ટ્રોઈકાની શું જરૂર હોય છે ?

G20 કાયમી સ્ટાફ અથવા સચિવાલય વિના કાર્ય કરે છે.

- વર્તમાન અધ્યક્ષ અસ્થાયી રૂપે સચિવાલયની સ્થાપના કરે છે.
- આ સચિવાલય બેઠકોનું આયોજન કરે છે અને જૂથની કામગીરીનું સંકલન કરે છે.
- આમ, સચિવાલયને મદદ કરવા માટે ટ્રોઈકાની જરૂર હોય છે જેથી G20ના કામમાં સાતત્ય રહે.

નોંધઃ (1) G20 અધ્યક્ષતા એક વર્ષ માટે G20 કાર્યસૂચિનું સંચાલન કરે છે. અને સમિટનું આયોજન કરે છે. G20 બે સમાંતર ટ્રેક ધરાવે છે : ફાયનાન્સ ટ્રેક અને શેરપા ટ્રેક.

(2) નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરો ફાઈનાન્સ ટ્રેકનું નેતૃત્વ કરે છે.

(3) જ્યારે શેરપાઓ શેરપા ટ્રેકનું નેતૃત્વ કરે છે. શેરપાઓ તરફથી G20 પ્રક્રિયાનું સંકલન સભ્ય દેશોના શેરપાઓ દ્વારા કરવામાં આવે છે, જેઓ નેતાઓના અંગત દૂત છે.

(4) 5 ડિસેમ્બર 2022ના રોજ રાજસ્થાનના ઉદયપુરમાં ભારતની G20 અધ્યક્ષતાની પ્રથમ શેરપા બેઠક યોજાઈ હતી. ભારતના વર્તમાન શેરપા શ્રી અમિતાભ કાંત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## G-20 Summitનું આયોજન

| ક્રમ | તારીખ- વર્ષ | યજમાન દેશ | યજમાન શહેર |
|---|---|---|---|
| 1st | 14-15 નવેમ્બર, 2008 | અમેરિકા | વોશિંગ્ટન ડી.સી |
| 2nd | 2 એપ્રિલ, 2009 | યુનાઈટેડ કિંગ્ડમ | લંડન |
| 14th | 28-29 જૂન, 2019 | જાપાન | ઓસાકા |
| 15th | 21-22 નવેમ્બર, 2020 | સાઉદી અરેબિયા | રિયાધ |
| 16th | 30-31 ઓક્ટોબર, 2021 | ઈટાલી | રોમ |
| 17th | 15-16 નવેમ્બર, 2022 | ઈન્ડોનેશિયા | બાલી |
| 18th | 2023 | ભારત | નવી દિલ્હી |
| 19th | 2024 | બ્રાઝિલ | – |

નોંધઃ (1) વર્ષ 2018માં આર્જેન્ટિનામાં યોજાયેલી 13મી G-20ના સમાપન પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022ની G-20 સમિટ ભારતમાં યોજવાની જાહેરાત કરી હતી.

(2) ત્યારબાદ વર્ષ 2020માં નક્કી કર્યું હતું કે ભારત 2022ને બદલે 2023ની G-20 સમિટનું આયોજન કરશે.

## G-20

G-20ને 'Group of Twenty'તરીકે પણ ઓળખવામાં આવે છે.

- G-20 ભારત સહિત વિશ્વના 19 શક્તિશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે.
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ચીન સિવાય ભારતનો એકપણ પાડોશી દેશ G-20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા, વિશ્વ વ્યાપારમાં 75 થી 80 ટકા, વિશ્વની કુલ વસતીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G-20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.

## ગરુડ શક્તિ અભ્યાસ : ભારત - ઈન્ડોનેશિયા



તાજેતરમાં ભારતીય સેનાના વિશેષ દળો અને ઈન્ડોનેશિયાના વિશેષ દળો વચ્ચે દ્વિપક્ષીય લશ્કરી કવાયત 'ગરુડ શક્તિ અભ્યાસ' (Garuda Shakti Exercise) યોજાઈ હતી.

- 13 દિવસીય ગરુડ શક્તિ કવાયત અથવા અભ્યાસનું ઈન્ડોનેશિયાના કારવાંગમાં સાંગા બુઆના ટ્રેનિંગ એરિયામાં આયોજન થયું હતું.
- તેનો ઉદ્દેશ્ય બંને સેનાઓના વિશેષ દળો વચ્ચે સમજણ, સહયોગ અને આંતર કાર્યક્ષમતા વધારવાનો છે.
- આ સંયુક્ત અભ્યાસ બંને સેનાઓને એકબીજાને વધુ સારી રીતે ઓળખવામાં અને આતંકવાદ વિરોધી કામગીરી, પ્રાદેશિક સુરક્ષા કામગીરી અને આંતરરાષ્ટ્રીય વાતાવરણમાં શાંતિ રક્ષા કામગીરીમાં તેમના વિશાળ લડાઈના અનુભવોને શેર કરવામાં મદદ કરશે.
- આ અભ્યાસ બંને દેશો વચ્ચે ગાઢ સંબંધો અને પ્રાદેશિક સુરક્ષા સુનિશ્ચિત કરવાની દિશામાં એક બીજું મહત્વનું પગલું છે.

નોંધ: (1) અભ્યાસ ગરુડ શક્તિ એ ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે દ્વિપક્ષીય સંયુક્ત વિશેષ દળોની કવાયત છે.
(2) ઈન્ડોનેશિયા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગના ભાગરૂપે આ સંયુક્ત સૈન્ય અભ્યાસ હાથ ધરવામાં આવે છે.
(3) તેમાં કાઉન્ટર ટેરરિસ્ટ, ક્લોઝ-ક્વાર્ટર કોમ્બેટ અને અન્ય સ્પેશિયલ ઓપરેશન્સ સામેલ છે.

# રિટેલ ડિજિટલ રૂપિયો : RBI




રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ પ્રથમ પાયલોટ પ્રોજેક્ટ તરીકે સેન્ટ્રલ બેંકની ડિજિટલ કરન્સી (CBDC) તરીકે ઓળખાતા રિટેલ ડિજિટલ રૂપિયાને 1 ડિસેમ્બરના રોજ લોન્ચ કર્યો હતો.

- નોંધનીય છે કે સરકારી સિક્યોરિટીઝના રૂપમાં ગૌણ બજારોના વ્યવહાર માટે RBIએ 1 નવેમ્બર, 2022ના રોજ જથ્થાબંધ બજાર માટે ડિજિટલ રૂપિયો રજૂ કર્યો હતો.

## પાયલોટ પ્રોજેક્ટના મુખ્ય મુદ્દાઓ

આ પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભિક તબક્કો સહભાગી ગ્રાહકો અને વ્યવસાય માલિકોથી બનેલા 'બંધ વપરાશકર્તા જૂથ' (Closed User Group - CUG)માં અમુક ચોક્કસ સ્થાનો અને બેંકો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

- સેન્ટ્રલ બેંકના જણાવ્યા અનુસાર આ પાયલોટ પ્રોજેક્ટ વાસ્તવિક સમયમાં ડિજિટલ રૂપિયાના નિર્માણ, વિતરણ અને છૂટક ઉપયોગની સમગ્ર પ્રક્રિયાની મજબૂતતાની ચકાસણી કરશે.
- ડિજિટલ ચલણનું નામ 'ઈ–રૂપી' (e-Rupee) રહેશે.
- ડિજિટલ રૂપિયાના ડિજિટલ સિક્કા અત્યારે ચલણમાં છે. તે સિક્કા અને કાગળની નોટોના મૂલ્યમાં લોન્ચ કરવામાં આવશે.
- ડિજિટલ રૂપિના પાયલોટ પ્રોજેક્ટ માટે આઠ બેંકો પસંદ કરવામાં આવી છે જેમાં તબક્કાવાર લોન્ચ કરવામાં આવશે.
- આ ઉપરાંત આ પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત ચાર શહેરોથી કરવામાં આવશે. ત્યારબાદ પાછળથી બીજા આઠ શહેરોમાં પણ મળતો થશે.

## ડિજિટલ રૂપીના પ્રોજેક્ટ માટે 8 બેંકોની પસંદગી

ડિજિટલ રૂપીના પાયલોટ પ્રોજેક્ટ માટે આઠ બેંકોની પસંદગી કરવામાં આવી છે.

- પ્રથમ તબક્કામાં ચાર બેંકો છે, જેમાં SBI, ICICI બેંક, યસ બેંક અને IDFC ફર્સ્ટ બેંકનો સમાવેશ થાય છે.
- ત્યારબાદ પાછળથી આ પાયલોટ પ્રોજેક્ટમાં બેંક ઓફ બરોડા, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, HDFC બેંક અને કોટક મહિન્દ્રા બેંક તેમાં જોડાશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પાયલોટ પ્રોજેક્ટ કયા શહેરોમાં શરૂ થશે ?

ડિજિટલ રૂપીનો આ પાયલોટ પ્રોજેક્ટ શરૂઆતમાં ચાર શહેરોમાં શરૂ કરવામાં આવશે.

- તેની શરૂઆત મુંબઈ, નવી દિલ્હી, બેંગ્લુરૂ અને ભૂવનેશ્વરથી થશે.
- ત્યારબાદ આ પાયલોટ પ્રોજેક્ટનું અમદાવાદ, ગંગટોક, ગુવાહાટી, હૈદરાબાદ, ઈન્દોર, કોચીન, લખનૌ, પટના અને શિમલા સુધી વિસ્તરણ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટને ધીમે ધીમે અન્ય બેંકોમાં પણ શરૂ કરવામાં આવશે.

## ડિજિટલ રૂપી શું છે ?

સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) અથવા ડિજિટલ રૂપી એ RBI દ્વારા જારી કરાયેલ ચલણી નોટોનું ડિજિટલ સ્વરૂપ છે.

- સરળ ભાષામાં કહીએ તો ડિજિટલ કરન્સી અથવા ડિજિટલ રૂપી એ કરન્સીનું ઈલેક્ટ્રોનિક સ્વરૂપ છે. જેનો ઉપયોગ સંપર્ક રહિત નાણાકીય લેવડ દેવડ માટે થઈ શકે છે.
- RBI, CBDCને કેન્દ્રીય બેંક દ્વારા જારી કરાયેલ ચલણના ડિજિટલ સંસ્કરણ તરીકે વ્યાખ્યાયિત કરે છે. તે દેશની નાણાકીય નીતિ અનુસાર મધ્યસ્થ બેંક (RBI) દ્વારા જારી કરાયેલ એક સાર્વભૌમ અથવા સંપૂર્ણ સ્વતંત્ર ચલણ છે.
- કાનૂની ટેન્ડર : એકવાર સત્તાવાર રીતે જાહેર કર્યા પછી CBDCને ત્રણેય પક્ષો – નાગરિક, સરકારી સંસ્થાઓ અને સાહસો દ્વારા ચૂકવણી અને કાનૂની ટેન્ડર તરીકે ગણવામાં આવશે. સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત હોવાથી તેને કોઈપણ કોમર્શિયલ બેંકની ચલણ અથવા નોટોમાં મુક્તપણે રૂપાંતરિત કરી શકાય છે.
- ક્રિપ્ટોકરન્સી સાથે તફાવત : ક્રિપ્ટોકરન્સીની અંતર્ગત ટેક્નોલોજી ડિજિટલ રૂપી સિસ્ટમના કેટલાક પરિમાણોને સરળ બનાવી શકે છે, પરંતુ RBIએ હજુ તેના પર નિર્ણય લેવાનો બાકી છે.
- જોકે ક્રિપ્ટોકરન્સી જેવી કે બિટકોઈન અથવા ઈથેરિયમ પ્રકૃત્તિમાં 'ખાનગી' છે. બીજી તરફ ડિજિટલ રૂપિયો RBI દ્વારા જારી અને નિયંત્રિત કરવામાં આવશે.
- વૈશ્વિક દૃશ્ય : જુલાઈ 2022 સુધીમાં લગભગ 105 દેશો CBDC પર વિચારણા કરી રહ્યા હતા.
- સેન્ટ્રલ બેંકે CBDCના બે વર્ઝન ઈશ્યુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે – આંતરબેંક સેટલમેન્ટ માટે જથ્થાબંધ અને જાહેર જનતા માટે છૂટક.
- CBDCનો હેતુ નવીનતાને પ્રોત્સાહન આપવાનો, વ્યવહાર ખર્ચ ઘટાડવાનો અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રિટેલ ડિજિટલ રૂપિયો

e₹-R ડિજિટલ ટોકનના સ્વરૂપમાં હશે જે કાનૂની ટેન્ડરનું પ્રતિનિધિત્વ કરે છે. તે કાગળના ચલણ અને સિક્કા જેવા જ મૂલ્યવર્ગમાં જારી કરવામાં આવશે અને મધ્યસ્થીઓ એટલે કે બેંકો દ્વારા વિતરિત કરવામાં આવશે.

- **RBI**ના જણાવ્યા અનુસાર વપરાશકર્તાઓ સહભાગી બેંકો દ્વારા ઓફર કરવામાં આવતા અને મોબાઈલ ફોન અને ઉપકરણો પર સંગ્રહિત ડિજિટલ વોલેટ દ્વારા e₹-R સાથે વ્યવહાર કરી શકશે.
- ડિજિટલ રૂપમાં આ લેવડદેવડ 'વ્યક્તિ થી વ્યક્તિ' (પર્સન ટુ પર્સન-P2P) અને 'વ્યક્તિથી વેપારી' (પર્સન ટુ મર્ચન્ટ-P2M) બંને હોઈ શકે છે.
- વ્યવસાયિક સ્થળો પર મૂકાયેલા QR કોડનો ઉપયોગ કરીને વેપારીઓને ડિજિટલ રૂપી મારફતે પેમેન્ટ પણ કરી શકશે.

## ઇ - રૂપિના ફાયદા

- ભૌતિક રોકડ વ્યવસ્થાપનમાં સામેલ ઓપરેટિંગ ખર્ચમાં ઘટાડો, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવું, ચુકવણી પ્રણાલીમાં સુગમતા, કાર્યક્ષમતા અને નવીનતા લાવવી.
- એટલે કે ઇ–રૂપિયામાં વ્યવહાર કરવાથી ભૌતિક નોટો અને સિક્કાઓ સાથે રાખવાની અસુવિધા દૂર થઈ શકે છે.
- આ પગલું ભારતમાં નાણાકીય નીતિના વિકાસમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.
- ડિજિટલ સ્વરૂપમાં ચલણ તરીકે તે નાણાકીય વ્યવહાર માટે એક કાર્યક્ષમ માર્ગ પ્રદાન કરી શકે છે.
- ડિજિટલ અર્થતંત્રને મજબૂત બનાવવામાં મદદરૂપ થશે. વિદેશમાં પૈસા મોકલવાના ખર્ચમાં ઘટાડો થશે.




1. ભારતમાં દર વર્ષે કયો દિવસ 'રાષ્ટ્રીય નૌસેના દિન' તરીકે ઉજવાય છે ?
(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર **(D)**

2. 4 ડિસેમ્બર, 1971ના રોજ ભારતીય નૌકાદળ દ્વારા પાકિસ્તાનના કયા બંદર પર કરવામાં આવેલા શક્તિશાળી હુમલાની યાદમાં ભારતમાં દર વર્ષે 4 ડિસેમ્બરના રોજ નૌસેના દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) ગ્વાદર (B) મુલતાન
(C) કરાચી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

3. ભારતમાં 'ભારતીય નૌસેનાના પિતા' તરીકે કોણ ઓળખાય છે ?
(A) લોર્ડ કોર્ન વોલિસ (B) લોર્ડ વિલિયમ બેન્ટિક
(C) શ્રી ટીપુ સુલતાન (D) છત્રપતિ શિવાજી મહારાજ **(D)**

4. 1 ડિસેમ્બર, 2022ના રોજ કયા દેશે ઔપચારિક રીતે એક વર્ષ માટે G20નું અધ્યક્ષ પદ સંભાળ્યું છે ?
(A) ભારત (B) ઈટાલી (C) બ્રાઝિલ (D) ઈન્ડોનેશિયા **(A)**

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ G20ની અધ્યક્ષતાનો લોગો, થીમ અને વેબસાઈટનું અનાવરણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
(A) G20ના લોગોમાં કમળનું પ્રતીક દર્શાવવામાં આવ્યું છે. લોગોમાં કમળ એ આશાનું પ્રતીક છે.
(B) જેમાં સાત કમળની પાંખડીઓ સાત ખંડોનું પ્રતિનિધિત્વ કરે છે.
(C) ભારતના G20ના અધ્યક્ષ પદની થીમ 'વસુધૈવ કુટુંબકમ – એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય' છે.
(D) ઉપરોક્ત તમામ સાચા છે **(D)**

6. તાજેતરમાં ભારત અને કયા દેશના વિશેષ દળો વચ્ચે 'ગરૂડ શક્તિ અભ્યાસ' (Garuda Shakti Exercise) યોજાયો હતો ?
(A) જાપાન (B) ઈન્ડોનેશિયા (C) મલેશિયા (D) ફિલિપાઈન્સ **(B)**

7. તાજેતરમાં RBIએ પ્રથમ પાયલોટ પ્રોજેક્ટ તરીકે સેન્ટ્રલ બેંકની ડિજિટલ કરન્સી (CBDC) તરીકે ઓળખાતા રિટેલ ડિજિટલ રૂપિયાને 1 ડિસેમ્બરના રોજ લોન્ચ કર્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભિક તબક્કો સહભાગી ગ્રાહકો અને વ્યવસાયના માલિકોથી બનેલા Closed User Group (CUG)માં અમુક ચોક્કસ સ્થાનો અને બેંકો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
2. ડિજિટલ રૂપીના પાયલોટ પ્રોજેક્ટ માટે આઠ બેંકોની પસંદગી કરવામાં આવી છે. જેમાં પ્રથમ તબક્કામાં ચાર બેંકો છે – SBI, ICICI, યસ બેંક અને IDFC ફર્સ્ટ બેંક.
3. ડિજિટલ રૂપીનો આ પાયલોટ પ્રોજેક્ટ શરૂઆતમાં ચાર શહેર–મુંબઈ, નવી દિલ્હી, બેંગ્લુરુ અને ભૂવનેશ્વરથી શરૂ કરવામાં આવશે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 05 ડિસેમ્બર, (1) વિશ્વ મૃદા દિન (World Soil Day) (2) આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ

### વિશ્વ મૃદા દિન



સમગ્ર વિશ્વમાં 5 ડિસેમ્બરના રોજ 'વિશ્વ મૃદા દિવસ' (World Soil Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો અને સામાન્ય લોકોને માટીના મહત્વથી વાકેફ કરવાનો છે.
- વર્ષ 2002માં આંતરરાષ્ટ્રીય મૃદા વિજ્ઞાન સંઘ દ્વારા 5 ડિસેમ્બરના રોજ 'વિશ્વ મૃદા દિવસ'ની ઉજવણી કરવાની ભલામણ કરી હતી. ત્યારબાદ FAOએ પણ તેમને સમર્થન કર્યુ હતું.
- ત્યારબાદ ડિસેમ્બર, 2013માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 68માં સત્રમાં 5 ડિસેમ્બરને 'વિશ્વ મૃદા દિન' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- પ્રથમ 'વિશ્વ મૃદા દિન' 5 ડિસેમ્બર, 2014ના રોજ ઉજવવામાં આવ્યો હતો.
- આ દિવસ થાઈલેન્ડના સ્વર્ગસ્થ રાજા ભૂમિબોલ અદુલ્યાદેજના જન્મદિવસ સાથે એકરૂપ છે. તે પહેલના મુખ્ય સમર્થક હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિજય હજારે ટ્રોફી 2022-23 : સૌરાષ્ટ્ર ચેમ્પિયન




તાજેતરમાં 12 નવેમ્બરથી 2 ડિસેમ્બર 2022 દરમિયાન 'વિજય હજારે ટ્રોફી 2022-23'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ ખાતે વિજય હજારે ટ્રોફી 2022-23ની ફાઈનલ મેચ યોજાઈ હતી.
- જેમાં મહારાષ્ટ્રને પરાજય આપીને સૌરાષ્ટ્રે બીજી વખત આ ટાઈટલ જીત્યું છે.
- આ અગાઉ સૌરાષ્ટ્રે 2007-08માં વિજય હજારે ટ્રોફી જીતી હતી.
- વિજય હજારે ટ્રોફીમાં પ્લેયર ઓફ ધ સિરીઝ શ્રી ઋતુરાજ ગાયકવાડ બન્યા હતા.

## વિજય હજારે ટ્રોફી

વિજય હજારે ટ્રોફી એ ભારતની ઘરેલુ વન ડે ક્રિકેટ ટુર્નામેન્ટ છે.

- ભારતની રણજી ટ્રોફીની ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લે છે.
- પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર શ્રી વિજય હજારેના નામ પરથી આ ટ્રોફીને નામ આપવામાં આવ્યું છે.
- વિજય હજારે ટ્રોફીમાં સૌથી સફળ ટીમ તમિલનાડુ છે તેમણે પાંચ વખત આ ટાઈટલ જીત્યું છે.

# RH200નું 200મું લોન્ચિંગ

ISROએ તિરુવનંતપુરમના થુંબા કિનારેથી મલ્ટી–રોલ સાઉન્ડિંગ રોકેટ RH200નું સતત 200મું પ્રક્ષેપણ સફળતાપૂર્વક કર્યુ હતું.



## RH200 શું છે ?

RH200 70 કિમીની ઊંચાઈ સુધી પહોંચવામાં સક્ષમ બે તબક્કાનું મલ્ટી–રોલ સાઉન્ડિંગ રોકેટ છે. જે વૈજ્ઞાનિક પેલોડને અવકાશમાં લઈ જવા માટે સક્ષમ છે.

- 3.5 મીટર ઊંચું આ રોકેટ રોહિણી રોકેટ પરિવારનું છે. ISRO દ્વારા તેનો ઉપયોગ વાતાવરણીય અભ્યાસ માટે કરવામાં આવે છે.
- RH200નો પ્રથમ અને બીજો તબક્કો ઘન મોટરો દ્વારા સંચાલિત છે.
- રોકેટ હાલમાં પ્રયોગો અને નવી ટેક્નોલોજીના પરીક્ષણ માટે લવચીક પ્લેટફોર્મ પ્રદાન કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે.
- શરૂઆતમાં તે પોલિવિનાઈલ ક્લોરાઈડ (PVC) આધારિત પ્રોપેલન્ટનો ઉપયોગ કરતું હતું.
- હાઈડ્રોક્સિકલ–ટર્મિનેટેડ પોલીબ્ટાડીન (HTPB) પર આધારિત નવા પ્રોપેલન્ટનો ઉપયોગ કરનાર પ્રથમ RH200 વર્ષ 2020માં થુમ્બા ઈક્વેટોરિયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશન (TERLS) પરથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું.

## સાઉન્ડિંગ રોકેટ શું છે ?

સાઉન્ડિંગ રોકેટ એ એક અથવા બે તબક્કાના ઘન પ્રોપેલન્ટ રોકેટ છે. જેનો ઉપયોગ ઉપલા વાતાવરણીય પ્રદેશોની તપાસ માટે અને અવકાશ સંશોધન માટે થાય છે.

- સાઉન્ડિંગ રોકેટ જેને ક્યારેક રિસર્ચ રોકેટ અથવા સબઓર્બિટલ રોકેટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE E

- તે પ્રક્ષેપણ વાહનો અને ઉપગ્રહો માટે બનાવાયેલ નવા ઘટકો અથવા સબસિસ્ટમના પ્રોટોટાઈપને ચકાસવા અથવા સાબિત કરવા માટે સરળતાથી પોસાય તેવા પ્લેટફોર્મ તરીકે પણ સેવા આપે છે.
- ભારતમાં લોન્ચ થનારું પ્રથમ સાઉન્ડિંગ રોકેટ અમેરિકન નાઈકી–અપાચે હતું.
- આ ઐતિહાસિક પ્રક્ષેપણ 21 નવેમ્બર, 1963ના રોજ થયું હતું. આ પછી રશિયા (M-100) અને ફ્રાન્સ (Centaure)થી આયાત કરાયેલા બે તબક્કાના રોકેટ હતા.
- રોહિણી RH-75 પ્રથમ સ્વદેશી રીતે વિકસિત સાઉન્ડિંગ રોકેટ ISRO દ્વારા 1967માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ત્યારથી આ રોકેટ થુમ્બા ઈક્વેટોરિયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશન (TERLS) અને સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહરિકોટા બંનેથી લોન્ચ કરવામાં આવે છે.
- વર્ષ 1975મા ISROની તમામ ધ્વનિ રોકેટ પ્રવૃત્તિઓ રોહિણી સાઉન્ડિંગ રોકેટ (RSR) પ્રોગ્રામના કાર્યક્ષેત્ર હેઠળ આવી હતી.
- સાઉન્ડિંગ રોકેટ શ્રેણીને રોહિણી શ્રેણી કહેવામાં આવે છે, જેમાં RH200, RH300 અને RH560 સૌથી મહત્વપૂર્ણ છે.

## કાઝીરંગા પ્રોજેક્ટ પર ભારત-ફ્રાન્સની ભાગીદારી



ભારત અને ફ્રાન્સ કાઝીરંગા પ્રોજેક્ટ પર સહયોગ કરી રહ્યા છે.

- ફ્રાન્સની એજન્સી Francaise de Development (AFD)એ 2014 થી 2024 વચ્ચેના 10 વર્ષના સમયગાળામાં 80.2 મિલિયન યુરોનું ભંડોળ પૂરું પાડ્યું છે.
- કાઝીરંગા પ્રોજેક્ટ ફોરેસ્ટ એન્ડ બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન (APFBC) આ પ્રોજેક્ટનો એક ભાગ છે.
- આસામ સરકારે AFDના સમર્થન સાથે 2012માં વન ઈકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવા વન્યજીવોનું રક્ષણ કરવા જંગલ આધારિત સમુદાયોની આજિવિકા વધારવા માટે APFBC શરૂ કર્યુ હતું.
- આ પ્રોજેક્ટમાં વર્ષ 2024 સુધીમાં 33,500 હેક્ટર જમીનનું પુનઃવનીકરણ અને વૈકલ્પિક આજીવિકા માટે 10,000 સમુદાયોના સભ્યોને તાલીમ આપવાની કલ્પના કરવામાં આવી છે.

નોંધ: (1) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન આસામ રાજ્યમાં સ્થિત છે અને 42,996 હેક્ટરના વિસ્તારને આવરી લે છે.

(2) તે બ્રહ્મપુત્રા ખીણના પૂરના મેદાનમાં એકમાત્ર સૌથી મોટો અવિભાજિત અને પ્રતિનિધિ વિસ્તાર છે.

1. 'વિશ્વ મૃદા દિન' અથવા 'World Soil Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર (C)

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આર્થિક સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર (C)

3. તાજેતરમાં કઈ ટીમે 'વિજય હજારે ટ્રોફી 2022-23' જીતી છે ?

(A) હિમાચલ પ્રદેશ (B) તમિલનાડુ (C) વિદર્ભ (D) સૌરાષ્ટ્ર (D)

4. સૌરાષ્ટ્રે કઈ ટીમને હરાવીને 'વિજય હજારે ટ્રોફી 2022-23' જીતી છે ?

(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) ઝારખંડ (D) તમિલનાડુ (A)

5. વિજય હજારે ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ક્રિકેટ (B) ફૂટબોલ (C) ટેનિસ (D) ચેસ (A)

4. ISROએ તાજેતરમાં RH200નું 200મું પ્રક્ષેપણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યુ છે. RH200 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. RH200 70 કિમીની ઊંચાઈ સુધી પહોંચવામાં સક્ષમ બે તબક્કાનું મલ્ટીરોલ સાઉન્ડિંગ રોકેટ છે.

2. તે વૈજ્ઞાનિક પેલોડને અવકાશમાં લઈ જવા માટે સક્ષમ છે.

3. RH200નો પ્રથમ અને બીજો તબક્કો ઘન મોટર દ્વારા સંચાલિત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કાઝીરંગા પ્રોજેક્ટ' પર ભારત અને કયા દેશની ભાગીદારી છે ?

(A) જાપાન (B) ફ્રાન્સ (C) અમેરિકા (D) રશિયા (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 06 ડિસેમ્બર, (1) નાગરિક સુરક્ષા દિવસ
## (2) મહાપરિનિર્વાણ દિવસ
## (ડૉ. બાબાસાહેબ આંબેડકર પુણ્યતિથિ)

## વિકલાંગ વ્યક્તિઓ માટે આરોગ્ય સમાનતા પર WHO વૈશ્વિક અહેવાલ

તાજેતરમાં WHOએ 'વિકલાંગ વ્યક્તિઓ માટે આરોગ્ય સમાનતા પર વૈશ્વિક અહેવાલ' શીર્ષક હેઠળનો અહેવાલ બહાર પાડ્યો છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

હાલમાં વિશ્વભરમાં લગભગ 1.3 અબજ લોકો અથવા છ માંથી એક વ્યક્તિ વિકલાંગતાથી પીડાય છે.

- પ્રણાલીગત અને સતત સ્વાસ્થ્ય અસમાનતાના લીધે ઘણા વિકલાંગ લોકો સામાન્ય વસતી કરતા ઘણા વહેલા મૃત્યુ પામવાનું જોખમ ધરાવે છે. આ સમયગાળો 20 વર્ષ પહેલાનો પણ હોઈ શકે છે.
- અંદાજિત 80 ટકા લોકો ઓછી મધ્યમ આવક ધરાવતા દેશોમાં મર્યાદિત સંસાધનો સાથે રહે છે, જેના કારણે અસમાનતાઓ દૂર કરવી મુશ્કેલ બને છે.
- તેઓને અસ્થમા, ડિપ્રેશન, ડાયાબિટીસ, સ્થૂળતા, ડેન્ટલ ડિસઓર્ડર અને સ્ટ્રોક જેવા ક્રોનિક રોગો થવાનું જોખમ બમણુ છે.
- સ્વાસ્થ્યના પરિણામોમાં ઘણી વિસંગતતાઓ અંતર્ગત સ્વાસ્થ્યની સ્થિતિઓને આભારી ન હોઈ શકે, પરંતુ અટકાવી શકાય તેવી આરોગ્ય અને અન્યાયી પરિસ્થિતિઓને આભારી છે.
- આરોગ્ય સંભાળમાં અસમાનતા સંબંધિત કેટલાક પરિબળો આ મુજબ છે :
  (1) આરોગ્યસંભાળ પ્રદાતાઓનું પ્રતિકૂળ વલણ
  (2) બિન–વ્યાપક આરોગ્ય માહિતી ફોર્મેટ
  (3) શારીરિક અવરોધો, વાહનવ્યવહારોનો અભાવ અથવા નાણાકીય અવરોધો કે જે આરોગ્ય સુવિધાની એક્સેસને અટકાવે છે.

## ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ

બોમ્બે હાઈકોર્ટે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓથોરિટી પાસેથી ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના કારણે માહિમ નેશનલ પાર્કને હટાવવા અંગે દાખલ કરવામાં આવેલી PILનો જવાબ માગ્યો છે.

- ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ એ મુંબઈમાં ઝૂંપડપટ્ટી વિસ્તારનું નવીનીકરણ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ પ્રોજેક્ટ સૌપ્રથમ <u>વર્ષ 2004</u>માં શરૂ કરવામાં આવ્યો હતો પરંતુ વિવિધ કારણોસર ક્યારેય સાકાર થયો ન હતો.
- તાજેતરમાં <u>અદાણી ગ્રુપને</u> આ પ્રોજેક્ટનો હવાલો મળ્યો છે.
- ઝુપડપટ્ટીમાં રહેતા અને વ્યવસાય કરતા લોકો સહિત 68,000 વ્યક્તિઓને સ્થળાંતર કરવાની જરૂર છે.
- પુનર્વસન બાંધકામમાં રૂ.23,000 કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.
- તેના અમલીકરણ માટે અદાણી પાસે SPVમાં 80% ઈક્વિટી હશે, જ્યારે રાજ્ય સરકાર પાસે 20% હિસ્સો હશે. <u>સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV)</u>ની રચના થવાની છે, જેમાં અદાણી લીડ પાર્ટનર હશે.
- SPV દ્વારા ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ માટે મફત મકાનો બાંધવામાં આવશે, જેમાં પાણી અને વીજળી પુરવઠો, ગટરના નિકાલ, પાઈપ્ડ ગેસ વગેરે જેવી સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓનો સમાવેશ થશે.

## ધારાવી



ધારાવી <u>એશિયામાં ઝૂંપડપટ્ટીનું સૌથી</u> મોટુ ક્લસ્ટર છે.

તે <u>મુંબઈ</u>માં આવેલું છે.

- તે <u>300 હેક્ટરમાં</u> પથરાયેલું છે જેમાથી 240 હેક્ટર જમીન રાજ્ય સરકાર દ્વારા પ્રોજેક્ટ માટે સૂચિત કરવામાં આવી છે.
- તેની સ્થાપના બ્રિટિશ શાસન દરમિયાન <u>1884માં</u> કરવામાં આવી હતી.
- ધારાવીમાં લગભગ <u>7 થી 10 લાખની</u> વસતી રહે છે. (ચોક્કસ આંકડો નથી)
- હાલમાં ત્યાં 56,000 ઘરો સિવાય માટીકામથી લઈને ચામડાકામ સુધીની હજારો નાની વ્યાપારી સંસ્થાઓ છે.
- પરંતુ વસતીની ગીચતા અને વિવિધ પાયાની સુવિધાના અભાવને ધ્યાનમાં લેતા લોકોની રહેણીકરણી અત્યંત ખરાબ છે.



1. 'નાગરિક સુરક્ષા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર **(D)**

2. ભારતમાં કયા મહાન વ્યક્તિની પૂણ્યતિથિ 6 ડિસેમ્બરને 'મહાપરિનિર્વાણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?

(A) ડો. બાબાસાહેબ આંબેડકર (B) ડો. રાજેન્દ્ર પ્રસાદ

(C) શ્રી મૌલાના અબુલ કલામ આઝાદ (D) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી **(A)**

3. તાજેતરમાં WHOએ 'વિકલાંગ વ્યક્તિઓ માટે આરોગ્ય સમાનતા પર વૈશ્વિક અહેવાલ' શીર્ષક હેઠળનો અહેવાલ બહાર પાડયો છે. આ અહેવાલ મુજબ વિશ્વભરમાં _____ લોકો અથવા છ માંથી એક વિકલાંગતાથી પીડાય છે.

(A) 90 લાખ (B) 1.3 અબજ (C) 3.1 અબજ (D) 70.10 લાખ **(B)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ' કયા શહેર સાથે સંકળાયેલ છે ?

(A) મુંબઈ (B) અમદાવાદ (C) દિલ્હી (D) ચેન્નાઈ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS







## દિવસ મહિમા : 07 ડિસેમ્બર, (1) સશસ્ત્ર સેના ધ્વજ દિન
## (2) આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ

## વર્લ્ડ બેન્કે ભારતનો GDP ગ્રોથ 6.5% થી વધારે 6.9% કર્યો




વર્લ્ડ બેંક દ્વારા 'નેવિગેટિંગ ધ સ્ટ્રોમ' શીર્ષક દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા ઈન્ડિયા ડેવલપમેન્ટ રિપોર્ટમાં એવું અનુમાન કરવામાં આવ્યું છે કે 2022-23માં ભારતની અર્થવ્યવસ્થા 6.9% વૃદ્ધિ પામશે.

- ઓક્ટોબર 2022માં વિશ્વ બેન્કે ભારતના GDP વૃદ્ધિ અનુમાનને 7.5% થી ઘટાડીને 6.5% કર્યો હતો.
- ભારતનું અર્થતંત્ર બાહ્ય વૈશ્વિક પરિબળોનું સામનો કરી રહ્યુ છે. અને જુલાઈથી સપ્ટેમ્બરમાં તે વધુ મજબૂત બન્યુ છે.
- બાહ્ય વૈશ્વિક સ્થિતિ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધના કારણે ખરાબ છે.
- ભારતનું અર્થતંત્ર પડકારજનક બાહ્યપરિસ્થિતિ માટે નોંધપાત્ર રીતે સ્થિતિસ્થાપક રહ્યું છે અને મજબૂત મેક્રો–ફંડિંગ તેને અન્ય ઉભરતા બજાર અર્થતંત્રોની સરખામણીમાં સારી સ્થિતિમાં મૂકે છે.
- મૂડી ખર્ચમાં વધારો કરવાના સરકારના લક્ષ્યને પણ 2022-23ના પ્રથમ છ મહિનામાં સ્થાનિક માંગને ટેકો મળ્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### World Bank

વર્લ્ડ બેન્ક એ સંયુક્ત રાષ્ટ્ર (United Nations)ની એક વિશિષ્ટ સંસ્થા છે.

- વિશ્વ બેન્ક અથવા વર્લ્ડ બેન્કનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં ગરીબીનું પ્રમાણ ઘટાડવું, આંતરરાષ્ટ્રીય રોકાણમાં વધારો કરવો અને વિશ્વને આર્થિક રીતે પ્રગતિશીલ બનાવવાનો છે.
- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.
- તેની સ્થાપના અમેરિકામાં 'બ્રેટન વુડ્સ સંમેલન' દરમિયાન જુલાઈ 1944માં થઈ હતી.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) 'Working For a World Free of Poverty' છે.

નોંધ: (1) વર્લ્ડ બેન્કના પ્રથમ અધ્યક્ષ શ્રી યુજેન મેયર હતા.

(2) વર્લ્ડ બેન્કના અધ્યક્ષ પદે આજ સુધી એકપણ મહિલા બિરાજમાન થયા નથી.

(3) જોકે, શ્રી જિમ યોંગ કિમના રાજીનામા બાદ વર્લ્ડ બેન્કના વચગાળાના (કાર્યકારી) અધ્યક્ષ તરીકે બલ્ગેરિયાના શ્રીમતી ક્રિસ્ટલિના જ્યોર્જિએવાની નિમણૂક કરવામાં આવી હતી.

(4) વર્લ્ડ બેન્કના વર્તમાન અધ્યક્ષ શ્રી ડેવિડ માલપાસ છે.

## ભારત-મધ્ય એશિયાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક

6 ડિસેમ્બર 2022ના રોજ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) શ્રી અજિત ડોભાલે પ્રથમ વખત મધ્ય એશિયાના દેશો – કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના તેમના સમકક્ષો સાથે વિશેષ બેઠકનું આયોજન કર્યુ હતું.



- ભારત અને મધ્ય એશિયાના દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 30મી વર્ષગાંઠ નિમિત્તે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આવું પ્રથમ વખત છે કે જ્યારે કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) ઉચ્ચ સ્તરીય સુરક્ષા માટે દિલ્હીમાં હાજર રહ્યા હતા.
- આ બેઠકમાં મુખ્યત્વે અફઘાનિસ્તાનની સુરક્ષા સ્થિતિ અને તાલિબાન શાસન હેઠળ તે દેશમાંથી ઉદ્ભવતા આતંકવાદના ખતરા અંગે ચર્ચા કરવામાં આવી હતી.
- આ ઉપરાંત બેઠકમાં ભાગ લેનાર NSAsએ ચાબહાર પોર્ટને ઈન્ટરનેશનલ નોર્થ–સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC)ના માળખામાં સામેલ કરવાના ભારતના પ્રસ્તાવને ટેકો આપ્યો હતો, જે ઈરાનને મધ્ય એશિયા દ્વારા રશિયા સાથે જોડે છે.
- બેઠક દરમિયાન નેતાઓ દ્વિવાર્ષિક રીતે યોજવાનું નક્કી કરીને સંસ્થાકીય બનાવવા માટે સંમંત થયા હતા.
- નવી મિકેનિઝમ અથવા પ્રક્રિયાને ટેકો આપવા માટે નવી દિલ્હીમાં ભારત–મધ્ય એશિયા સચિવાલયની સ્થાપના કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA)એ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના અધ્યક્ષ છે અને તે વડાપ્રધાનના પ્રાથમિક સલાહકાર પણ છે.

(2) ભારતના વર્તમાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) શ્રી અજિત ડોભાલ છે.

TET-1/2 LIVE + RECORDED BATCH
1 YEAR VALIDITY
વિભાગ 1 અને 2ની સંપૂર્ણ તૈયારી
iceonline એપ ડાઉનલોડ કરો
Google Play
LIMITED TIME OFFER

**1.** ભારતમાં 'સશસ્ત્ર સેના ધ્વજ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ડિસેમ્બર (B) 6 ડિસેમ્બર (C) 7 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર — **(C)**

**2.** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ડિસેમ્બર (B) 6 ડિસેમ્બર (C) 7 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર — **(C)**

**3.** તાજેતરમાં વર્લ્ડ બેંકે ભારતનો GDP ગ્રોથ 6.5% થી વધારી કેટલો કર્યો ? (ડિસેમ્બર 2022ની સ્થિતિએ)

(A) 6.9% (B) 6.7% (C) 6.8% (D) 7.0% — **(A)**

**4.** વર્લ્ડ બેંકનું વડું મથક કયાં આવેલુ છે ?

(A) ન્યુયોર્ક (B) વોશિંગ્ટન ડિસી (C) જિનીવા (D) બેઈજિંગ — **(B)**

**5.** તાજેતરમાં ભારત અને એશિયાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક યોજાઈ હતી. ભારતના વર્તમાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર કોણ છે ?

(A) શ્રી અજિત ડોભાલ (B) શ્રી રાજનાથ સિંહ (C) શ્રી એસ. જયશંકર (D) શ્રી પી.કે.મિશ્રા — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## દિવસ મહિમા : 08 ડિસેમ્બર, સબમરીન દિવસ



ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે 8 ડિસેમ્બરના રોજ 'સબમરીન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતીય નૌસેનાની પ્રથમ સબમરીન 'INS કલવરી'ને 8 ડિસેમ્બર, 1967ના રોજ ભારતની નૌસેનામાં સામેલ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે 8 ડિસેમ્બરના આ દિવસ ઉજવાય છે.

## ચક્રવાત મેન્ડૌસ (Cyclone Mandous)

તાજેતરમાં બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલુ ચક્રવાત 'મેન્ડૌસ' અથવા મડોસ (Mandous) તમિલનાડુ અને પુડુચેરીના દરિયા કિનારે ત્રાટક્યુ હતું.

- જેના કારણે ભારે વરસાદ નોંધાયો હતો તથા જીવસૃષ્ટિને પણ ઘણુ નુકસાન થયું હતું.
- મેન્ડૌસ એ ધીમી ગતિએ ચાલતુ ચક્રવાત છે જે મોટાભાગે ઘણો ભેજ શોષી લે છે અને ભારે વરસાદ ઉત્પન્ન કરે છે. અને પવનની ગતિથી તેની તાકાત મેળવે છે.

### ચક્રવાત મેન્ડૌસનું નામકરણ

ચક્રવાત મેન્ડૌસનું નામ સંયુક્ત આરબ અમિરાત (UAE) દ્વારા આપવામાં આવ્યું છે.

- તેનો અરબી ભાષામાં અર્થ 'ખજાનો બોક્સ' (treasure box) થાય છે.

### વર્ગીકરણ

- ભારતીય હવામાન વિભાગ (IMD) ચક્રવાતને તેમની મહત્તમ સ્થિર પવનની ગતિ (Maximum Sustained Surface wind Speed-MSW)ના આધારે વર્ગીકૃત કરે છે.
- હવાની ગતિના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે :

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિમી/કલાકમાં) |
|---|---|---|
| 1 | લો પ્રેશર | 31 થી ઓછી |
| 2 | ડિપ્રેશન | 31 થી 49 |
| 3 | ડીપ ડિપ્રેશન | 50 થી 61 |
| 4 | ચક્રવાતી તોફાન | 62 થી 88 |
| 5 | ગંભીર ચક્રવાતી તોફાન | 89 થી 117 |
| 6 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 167 |
| 7 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 168 થી 221 |
| 8 | સુપર ચક્રવાતી તોફાન | 222 થી વધુ |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુંમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

$45^0$ પૂ. થી $100^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ (India Meteorologycal Department (IMD)/ RSMC, નવી દિલ્હી દ્વારા)આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તર હિંદ મહાસાગરમાં ઉદ્ભવતા ચક્રવાતને ક્રમશ : નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્ભવેલ ચક્રવાત મેન્ડૌસનું નામ UAE દ્વારા સુચિત કરવામાં આવ્યું હતું.

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની બેઠક

**તાજેતરમાં RBIએ તેની <u>નાણાકીય નીતિ સમિતિ (MPC)</u>ની બેઠક યોજી હતી.**

- **ત્રણ દિવસ સુધી ચાલેલી MPCની આ બેઠક બાદ <u>રેપો રેટ</u>માં ફરીવાર વધારો કરવાનું જણાવ્યું હતું.**
- **RBIએ રેપો રેટમાં <u>0.35 ટકા</u>નો વધારો કર્યો છે. આથી હવે રેપો રેટ <u>6.25 ટકા</u> થઈ ગયો છે.**
- **RBIએ સતત પાંચમી વાર રેપો રેટમાં વધારો કર્યો છે.**
- **MPCએ વર્ષ <u>2022-23</u> માટે વાસ્તવિક GDP વૃદ્ધિ <u>6.8 ટકા</u> રહેવાનું અનુમાન કર્યું છે.**

### RBI બેંકના વર્તમાન દરો

| ક્રમ | ઈન્ડિકેટર્સ | વ્યાજદર (ટકામાં) |
|---|---|---|
| 1 | રેપો રેટ | 6.25% |
| 2 | SDF | 6.0% |
| 3 | MSF | 6.50% |
| 4 | બેંક રેટ | 6.50% |
| 5 | CRR | 4.50% |
| 6 | SLR | 18.00% |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) CRRનું પૂરું નામ '<u>Cash Reserve Ratio</u>' છે.

(2) SLRનું પૂરું નામ '<u>Statutory Liquidity Ratio</u>' છે. તથા MSFનું પૂરું નામ '<u>Marginal Standing Facility</u>' છે.




1. ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે કયા દિવસના રોજ 'સબમરીન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(A) 6 ડિસેમ્બર (B) 7 ડિસેમ્બર (C) 8 ડિસેમ્બર (D) 9 ડિસેમ્બર (C)

2. તાજેતરમાં 'Mandous' શબ્દ ચર્ચામાં રહ્યો હતો. તે શું છે ?

(A) IIT મદ્રાસ દ્વારા નિર્મિત સુપર કમ્પ્યૂટર

(B) ISROનું ખાનગી ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન

(C) રાજ્યસભામાં સત્ર સ્થગિત કરવા વપરાતો એક શબ્દ

(D) બંગાળની ખાડીમાં ઉદ્ભવેલુ ઉષ્ણકટિબંધીય ચક્રવાત (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં ચક્રવાત મેન્ડૌસ (Cyclone Mandous) તમિલનાડુ અને પુડુચેરીના દરિયા કિનારે ત્રાટક્યું હતું. આ ચક્રવાતનું નામ કોણે આપ્યું છે ?

(A) સંયુક્ત આરબ અમિરાત (B) ભારત

(C) મ્યાનમાર (D) બાંગ્લાદેશ (A)

4. તાજેતરમાં RBIએ (ડિસેમ્બર 2022) તેની નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠક યોજી હતી. જેમાં RBIએ 0.35%નો વધારો કર્યો છે. આ સાથે રેપો રેટ વધીને _____ થઈ ગયો છે.

(A) 4.60% (B) 5.60% (C) 6.25% (D) 6.50% (C)

## દિવસ મહિમા : 09 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન (International Anti-Corruption Day)



9 ડિસેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ભ્રષ્ટાચાર સામે જાગૃતિ ફેલાવવાનો છે.
- વર્ષ 2022 એ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન અગેઈન્સ્ટ કરપ્શન (UNCAC)ની 20મી વર્ષગાંઠ છે.
- 2022નો આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ ભ્રષ્ટાચાર વિરોધી અને શાંતિ, સુરક્ષા અને વિકાસ વચ્ચેની મહત્વપૂર્ણ કડીને પ્રકાશિત કરે છે.
- આ વર્ષની થીમ ભ્રષ્ટાચાર સામે વિશ્વને એક કરવાની છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઠરાવ પસાર કર્યા પછી 31 ઓક્ટોબર, 2003ના રોજ આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસની સ્થાપના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Wild Life (Protection) Amendment Bill, 2022

તાજેતરમાં રાજ્યસભાએ 'વાઈલ્ડલાઈફ (પ્રોટેક્શન) એમેન્ડમેન્ટ બિલ, 2022' (વન્યજીવ (સંરક્ષણ) સંશોધન બિલ, 2022) પસાર કર્યુ હતું.

- આ બિલ વન્ય પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિની લુપ્તપ્રાય પ્રજાતિઓ (CITES)માં આંતરરાષ્ટ્રીય વેપાર પરના કન્વેન્શન હેઠળ ભારતની જવાબદારીને અસરકારક બનાવવાનો પ્રયાસ કરે છે.

### બિલનો ઉદ્દેશ્ય

- લુપ્તપ્રાય પ્રજાતિનું રક્ષણ : આ બિલ ગેરકાયદેસર વન્યજીવ વેપાર માટે સજા વધારવા માંગે છે.
- સંરક્ષિત વિસ્તારોનું બહેતર વ્યવસ્થાપન : આ બિલ અમુક પરવાનગી પ્રવૃત્તિઓ જેમ કે પ્રાણીઓને ચરાવવા અથવા હલનચલન અને સ્થાનિક સમુદાયો દ્વારા પીવાના અને ઘરેલુ પાણીનો વાસ્તવિક ઉપયોગ કરવાની મંજૂરી આપે છે.
- જંગલની જમીનનું સંરક્ષણ : સદીઓથી જંગલ વિસ્તારમાં રહેતા લોકોના અધિકારોના સમાન સંરક્ષણનો સમાવેશ કરવો.



## પ્રસ્તાવિત સુધારો

આ સુધારામાં CITES હેઠળ પરિશિષ્ટમાં સૂચિબદ્ધ પ્રજાતિઓ માટે નવા સમયપત્રકની દરખાસ્ત કરવામાં આવી છે.

- સ્થાયી સમિતિની રચના કરવા અને રાજ્ય વન્યજીવન બોર્ડ દ્વારા તેને સોંપવામાં આવી શકે તેવી સત્તાઓ અને ફરજોનો ઉપયોગ કરવા કલમ 6માં સુધારો કરવામાં આવ્યો છે.
- 'ધાર્મિક અથવા અન્ય કોઈ હેતુ' માટે હાથીના ઉપયોગને મંજૂરી આપવા માટે કાયદાની કલમ 43માં સુધારો કરવામાં આવ્યો હતો.
- કેન્દ્ર સરકાર મેનેજમેન્ટ ઓથોરિટીની નિમણૂક કરી શકે તે માટે કલમ 49E ઉમેરવામાં આવી હતી.
- કેન્દ્ર સરકારને એક વૈજ્ઞાનિક અધિકારીની નિમણૂક કરવા માટે મંજૂરી આપવી જે અસરગ્રસ્ત નમુનાઓના વેપાર માટે અસ્તિત્વને લગતી બાબતો પર માર્ગદર્શન પ્રદાન કરી શકે.
- આ બિલ કેન્દ્ર સરકારને આક્રમક છોડ અથવા પ્રાણીની કોઈપણ વિદેશી પ્રજાતિના આયાત, વેપાર અથવા નિયંત્રણને નિયંત્રિત કરવા અને અટકાવવાની સત્તા પણ આપે છે.
- આ બિલ અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘન માટે નિર્ધારિત સજામાં પણ વધારો કરે છે.
- સામાન્ય ઉલ્લંઘન માટે મહત્તમ દંડ 25,000 રૂપિયાથી વધારીને 1 લાખ રૂપિયા કરવામાં આવ્યો છે.
- ખાસ સંરક્ષિત પ્રાણીઓના કિસ્સામાં લઘુત્તમ દંડ રૂ.10,000થી વધારીને રૂ.25,000 કરવામાં આવ્યો છે.

## ઓસ્ટ્રા હિન્દ - 22 (Austra Hind 22) અભ્યાસ

રાજસ્થાનના મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં ભારતીય સેના અને ઓસ્ટ્રેલિયન આર્મીની ટૂકડીઓ વચ્ચે તાજેતરમાં દ્વિપક્ષીય તાલીમ કવાયત 'ઓસ્ટ્રા હિંદ 22' યોજાઈ હતી.

- ઓસ્ટ્રા હિન્દની શ્રેણીમાં આ પ્રથમ કવાયત છે જેમાં બંને સેનાના તમામ શસ્ત્રો અને સેવાઓની ટૂકડીની ભાગીદારી છે.
- ઓસ્ટ્રેલિયન આર્મિનું પ્રતિનિધિત્વ દ્વિતીય ડિવિઝનની 13મી બ્રિગેડના સૈનિકો દ્વારા કરવામાં આવ્યું હતું.
- જ્યારે ભારતીય પક્ષનું પ્રતિનિધિત્વ ડોગરા રેજિમેન્ટના સૈનિકોએ કર્યુ હતું.
- આ વર્ષે પ્રારંભિક આવૃત્તિ હતી. હવે પછી તે ભારત અને ઓસ્ટ્રેલિયામાં વૈકલ્પિક રીતે યોજવામાં આવશે.
- ઓસ્ટ્રા હિન્દ શ્રેણીનો ઉદ્દેશ્ય ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સકારાત્મક સૈન્ય સંબંધ બાંધવાનો છે.
- આ અભ્યાસ ભારત અને ઓસ્ટ્રેલિયાની સેનાઓને પ્રતિકૂળ ખતરાઓને બેઅસર કરવા માટે કંપની અને પ્લાટૂન સ્તરે વ્યૂહાત્મક કામગીરી હાથ ધરવા માટેની રણનીતિ, તકનિકો અને પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠ પ્રયાસો શેર કરવા સક્ષમ બનાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 9 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર (C) 11 ડિસેમ્બર (D) 12 ડિસેમ્બર (A)

2. તાજેતરમાં રાજ્યસભામાંથી 'Wild Life (Protection) Amendment Bill, 2022' પસાર થયું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ સુધારામાં CITES હેઠળ પરિશિષ્ટમાં સૂચિબદ્ધ પ્રજાતિઓ માટે નવા સમયપત્રકની દરખાસ્ત કરવામાં આવી છે.
2. આ બિલ અંતર્ગત 'ધાર્મિક અથવા અન્ય કોઈ હેતુ' માટે હાથીના ઉપયોગને મંજૂરી આપવા માટે કાયદાની કલમ 43માં સુધારો કરવામાં આવ્યો છે.
3. ગીરના જંગલમાં સિંહના સંરક્ષણ માટે કલમ 49Aમાં સુધારો કરવામાં આવ્યો છે.
4. કેન્દ્ર સરકાર મેનેજમેન્ટ ઓથોરિટીની નિમણૂક કરી શકે તે માટે કલમ 49E ઉમેરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Austra Hind 22' શું છે ?

(A) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે હોકીની રમતની સિરીઝ

(B) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સબમરીન ક્ષેત્રે થયેલ MoU

(C) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે દ્વિપક્ષીય વેપાર માટે થયેલ MoU

(D) ભારત અને ઓસ્ટ્રેલિયાની આર્મી વચ્ચેનો દ્વિપક્ષીય અભ્યાસ (D)

4. તાજેતરમાં મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં ભારતીય સેના અને ઓસ્ટ્રેલિયન સેનાની ટૂકડીઓ વચ્ચે દ્વિપક્ષીય તાલીમ કવાયત 'ઓસ્ટ્રા હિન્દ (Austra Hind) - 22' યોજાઈ હતી. આ મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) રાજસ્થાન (B) ઉત્તરપ્રદેશ (C) ગુજરાત (D) કેરળ (A)

## દિવસ મહિમા : 10 ડિસેમ્બર, માનવ અધિકાર દિન (Human Right Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 10 ડિસેમ્બરના રોજ 'માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા 1948થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ લોકોને માનવ અધિકાર વિશે જાગૃત કરવા અને માનવ અધિકારના દુરુપયોગને અટકાવવાનો છે.
- માનવ અધિકારોમાં મુખ્યત્વે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકાર, આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતા, આંતરરાષ્ટ્રીય નાગરિક અને રાજકીય અધિકારોનો સમાવેશ થાય છે.

## ત્રણ હિમાલયન ઔષધિય છોડ IUCN રેડ લિસ્ટમાં સામેલ

હિમાલયમાં જોવા મળતી ત્રણ ઔષધિય વનસ્પતિની પ્રજાતિઓ (મેઈઝોટ્રોપિસ પેલિટા, ફ્રિટિલરિયા સિરોસા, ડેક્ટીલોરિઝા હટાગિરિયા) તાજેતરના મૂલ્યાંકન બાદ IUCNની જોખમી પ્રજાતિઓની રેડ લિસ્ટમાં સામેલ કરવામાં આવી છે.

- હિમાલયના પ્રદેશમાં મૂલ્યાંકન દર્શાવે છે કે વનનાબૂદી, વસવાટનું નુકસાન, જંગલમાં આગ, ગેરકાયદેસર વેપાર અને આબોહવા પરિવર્તન ઘણી પ્રજાતિઓ માટે ગંભીર ખતરો છે.
- તાજેતરના ડેટાથી પ્રદેશમાં સંરક્ષણ પ્રયાસોને વેગ મળવાની અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મેઈઝોટ્રોપિસ પેલિટા

સામાન્ય રીતે તેને પટાવા તરીકે ઓળખવામાં આવે છે.

- તે ખાસ કરીને ઉત્તરાખંડ માટે સ્થાનિક છે.
- અભ્યાસમાં જણાવ્યું છે કે આ જાતિઓ તેમના મર્યાદિત વિસ્તાર (10 ચોરસ કિ.મી.થી ઓછા)ના આધારે IUCNમાં 'ક્રિટિકલી ડેન્જર્ડ' અથવા 'ગંભીર રૂપથી લુપ્તપ્રાય' તરીકે સૂચિબદ્ધ છે.
- આ પ્રજાતિના પાંદડામાંથી કાઢવામાં આવતા આવશ્યક તેલમાં મજબૂત એન્ટીઓક્સિડન્ટો હોય છે અને તે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોમાં કૃત્રિમ એન્ટિઓક્સિડન્ટોનો આશાસ્પદ કુદરતી વિકલ્પ હોઈ શકે છે.

### ફ્રિટિલરિયા સિરોસા

તે સામાન્ય રીતે હિમાલયન ફ્રિટિલર તરીકે ઓળખાય છે. તે બારમાસી બલ્બસ ઔષધી છે.

- ઘટાડાનો દર, ખૂબ જ જૂની પેઢી, ઓછી અંકુરણ ક્ષમતા, ઉચ્ચ વેપાર મૂલ્ય, વ્યાપક લણણીનું દબાણ અને ગેરકાયદેસર વેપારને ધ્યાનમાં રાખીને પ્રજાતિઓને IUCNમાં 'સંવેદનશીલ' તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી છે.

- ચીનમાં આ પ્રજાતિનો ઉપયોગ શ્વાસનળીના વિકાર અને ન્યૂમોનિયાની સારવાર માટે થાય છે.
- આ છોડ પરંપરાગત ચાઈનીઝ દવાઓમાં મજબૂત કફનાશક અને દવાઓનો સ્ત્રોત પણ છે.

## ડેક્ટીલોરિઝા હટાગિરિયા

તે સામાન્ય રીતે સલામપંજા તરીકે ઓળખાય છે.

- તે હિન્દુકુશ અને અફઘાનિસ્તાન, ભૂટાન, ચીન, ભારત, નેપાળ અને પાકિસ્તાનના હિમાલયના પ્રદેશોમાં રહેતી બારમાસી કંદની પ્રજાતિ છે.
- તે વસવાટની ખોટ, પશુધન ચરાઈ, વનનાબૂદી અને આબોહવા પરિવર્તન દ્વારા ખતરામા છે તથા આ પ્રજાતિઓ IUCNમાં લુપ્તપ્રાય તરીકે સૂચિબદ્ધ છે.
- મરડો, જઠરનો સોજો, જીણો તાવ, ઉધરસ અને પેટનો દુખાવો મટાડવા માટે આયુર્વેદ, સિદ્ધ, યુનાની અને દવાઓની અન્ય વૈકલ્પિક પ્રણાલીઓમાં તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે.

Weekly Current Affairs ICE MAGIC / WEEK - 49

## SATURDAY Questions

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસના રોજ 'માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર (C) 11 ડિસેમ્બર (D) 12 ડિસેમ્બર — (B)

2. તાજેતરમાં કયા હિમાલયન ઔષધિય છોડને IUCN રેડ લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યો છે ?

(A) મેઈઝોટ્રોપિસ પેલિટા (B) ફ્રિટિલરિયા સિરોસા

(C) ડેક્ટીલોરિઝા હટાગિરિયા (D) ઉપરોક્ત તમામ — (D)

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'મેઈઝોટ્રોપિસ પેલિટા' શું છે ?

(A) ઔષધિય છોડ (B) પક્ષી (C) નદી (D) પર્વત — (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **ગુજરાત વિધાનસભાની ચૂંટણી**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી 2022ના પરિણામો 8 ડિસેમ્બર 2022ના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો હતો. ગુજરાત વિધાનસભાની કુલ 182 સિટોમાંથી 156 સિટ ભારતીય જનતા પાર્ટીને મળી હતી. જ્યારે કોંગ્રેસ પક્ષને 17 સિટ મળી હતી. તથા આમ આદમી પાર્ટી અને અન્ય પાર્ટીને 9 સિટ મળી હતી.

## ભારત

➤ **ધમ્મ દીપા ઈન્ટરનેશનલ બૌદ્ધ યુનિવર્સિટી**

29 નવેમ્બર, 2022ના રોજ દક્ષિણ ત્રિપુરા જિલ્લાના સબરુમમાં મનુ બાંકુલ ખાતે ધમ્મ દીપા ઈન્ટરનેશનલ બૌદ્ધ યુનિવર્સિટી (DDIBU)નો શિલાયન્સ કરવામાં આવશે. આધુનિક શિક્ષણના અન્ય વિષયોના અભ્યાસક્મો સાથે બૌદ્ધ શિક્ષણ આપનારી DDIBU ભારતમાં પ્રથમ બૌદ્ધ સંચાલિત યુનિવર્સિટી બનવાની અપેક્ષા છે. ભારતમાં બૌદ્ધ ધર્મની શરૂઆત લગભગ 2600 વર્ષ પહેલા થઈ હતી. નોંધનીય છે કે થોડા સમય પહેલા ત્રિપુરા વિધાનસભાએ સર્વસંમતિથી મનુ બાંકુલ ખાતે ધમ્મ દીપ ઈન્ટરનેશનલ બૌદ્ધ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટેનું બિલ પસાર કર્યુ હતું.

➤ **ઓસ્ટ્રેલિયા-ઈન્ડિયા સેન્ટર ફોર એનર્જી (AICE)**

ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી (IIT) મદ્રાસ અને ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓ 230 SDGs પર કામ કરવા ઓસ્ટ્રેલિયા–ઈન્ડિયા એનર્જી સેન્ટર (AICE) શરૂ કરવા માટે સહયોગ કરી રહી છે. AICE એક વર્ચ્યુઅલ સેન્ટર છે જે ઊર્જા ક્ષેત્રે ભારતીય અને ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ અને ઉદ્યોગો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપશે. IIT મદ્રાસ દ્વારા આયોજિત બે દિવસીય એનર્જી સમિટ 2022 દરમિયાન તેને ડિસેમ્બર 2022માં લોન્ચ કરવામાં આવશે. આ કેન્દ્રનો મુખ્ય ઉદેશ પરિવર્તનશીલ સંશોધન અને ટેક્નોલોજી વિકાસ દ્વારા ઊર્જા ક્ષેત્રે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે દ્વિપક્ષીય સહયોગને ગાઢ બનાવવાનો છે. AICE હેઠળના સહયોગનું નેતૃત્વ IIT મદ્રાસ અને ઓસ્ટ્રેલિયાની ડેકિન યુનિવર્સિટી કરશે. બંને સંસ્થાઓ ભાગીદારો અને બાહ્ય હિસ્સેદારો વચ્ચે સંકલન અને જોડાણ વધારશે.

➤ **હિમાલયન યાક**

ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ હિમાલયન યાકને 'ફૂડ એનિમલ' તરીકે મંજૂરી આપી છે. હિમાલયન યાક યાક બોવાઈન (Bovini) જાતિના છે. જેમાં બાઈસન અને ભેંસનો સમાવેશ થાય છે. તે -40 સે સુધી તાપમાન સહન કરી શકે છે. હિમાલયના લોકો દ્વારા યાકનું ખૂબ મૂલ્ય છે. તિબેટીયન દંતકથા અનુસાર તિબેટીયન બૌદ્ધ ધર્મના સ્થાપક ગુરૂ રિનપોચે યાકને પાળનારા પ્રથમ હતા. તેઓ ભારતીય હિમાલય પ્રદેશના ઊંચાઈવાળા સ્થળોએ વિચરતી પ્રાણીઓની જીવનરેખા તરીકે પણ ઓળખાય છે. તેઓ તિબેટીયન ઉચ્ચપ્રદેશ અને નજીકના ઊંચાઈવાળા વિસ્તારોમાં સ્થાનિક છે. યાક 14000 ફૂટથી ઉપરની ઊંચાઈએ સૌથી આરામદાયક સ્થિતિમાં રહે છે. ખોરાકની શોધમાં તેઓ 20,000 ફૂટની ઊંચાઈએ જાય છે અને સામાન્ય રીતે 12000 ફૂટથી નીચે ઉતરતા નથી. યાક ઉછેરનારા ભારતીય રાજ્યોમાં અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ–કાશ્મીરનો સમાવેશ થાય છે.

➤ **CCUS પોલિસી ફ્રેમવર્ક**

નીતિ આયોગે 'કાર્બન કેપ્ચર યુટિલાઈઝેશન એન્ડ સ્ટોરેજ (CCUS) પોલિસી ફ્રેમવર્ક એન્ડ ઈમ્પ્લીમેન્ટેશન મિકેનિઝમ ઈન ઈન્ડિયા' શિર્ષકનો અભ્યાસ અહેવાલ બહાર પાડ્યો છે. CCUS સંકલિત કરેલા $CO_2$ને વિવિધ મૂલ્યવર્ધિત ઉત્પાદનો જેમ કે ગ્રીન યુરિયા, ખાદ્ય અને બાંધકામ સામગ્રી, રસાયણો (મિથેનોલ અને ઈથેનોલ), પોલિમર (બાયો–પ્લાસ્ટિક સહિત) અને ઉન્નત તેલ પુનઃપ્રાપ્તિમાં રૂપાંતરિત કરવા માટે વિવિધ તકો પ્રદાન કરી શકે છે. આમ તે ભારતમાં વિશાળ બજાર તકો સાથે નોંધપાત્ર રીતે ફાળો આપે છે. CCUS પ્રોજેક્ટ્સ પણ નોંધપાત્ર રોજગારીનું સર્જન કરશે. એવો અંદાજ છે કે વર્ષ 2050 સુધીમાં વાર્ષિક આશરે 750 મિલિયન ટન કાર્બન જપ્તી તબક્કાવાર રીતે પૂર્ણ સમય સમકક્ષ (FTE) ધોરણે લગભગ 8-10 મિલિયન નોકરીઓ પેદા કરી શકે છે. તેની અરજી માટે વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક નીતિગત હસ્તક્ષેપની જરૂર છે.

➤ **ભારતીય રાષ્ટ્રીય ટેલિમેડિસિન સેવા : ઇ-સંજીવની**

તાજેતરમાં ઈન્ડિયન નેશનલ ટેલિમેડિસિન સર્વિસ ઈ–સંજિવની દ્વારા 8 કરોડ ટેલી–કન્સલ્ટેશન આપવામાં આવ્યા હતા. છેલ્લા 1 કરોડ પરામર્શ લગભગ 5 અઠવાડિયાના નોંધપાત્ર સમયમર્યાદામાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. ઈ–સંજીવની એ દેશના ડોક્ટરો વચ્ચેની ટેલીમેડિસિન સેવા છે, જે ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા પરંપરાગત પ્રત્યક્ષ પરામર્શનો વિકલ્પ પ્રદાન કરે છે. ઈ–સંજીવની એ આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશનનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ હરિયાણા ઓપન લૂપ ટિકિટિંગ સિસ્ટમ

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ કુરુક્ષેત્રમાં ગીતા મહોત્સવ 2022ના પ્રસંગે હરિયાણા રાજ્ય પરિવહન નિગમ માટે 'ઓપન લૂપ ટિકિટિંગ સિસ્ટમ શરૂ કરી છે. આ સાથે હરિયાણા રોડ વેઝ બસો માટે ઓપન–લૂપ ટિકટિંગ સિસ્ટમ શરૂ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે. ઓપન–લૂપ ટિકિટિંગ સિસ્ટમનો ઉદ્દેશ્ય મુસાફરોને રોડવેઝ બસો માટે ભૌતિક ટિકિટ ખરીદવાથી દૂર કરવામાં મદદ કરવાનો છે. આખી સિસ્ટમમાં એયુ સ્મોલ ફાઈનાન્સ બેન્ક દ્વારા જારી કરાયેલ નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC), ઈલેક્ટ્રોનિક ટિકિટ ઈશ્યુઈંગ મશિન્સ (ETIMS), એક GPS સિસ્ટમ અને ટિકિટના એડવાન્સ બૂકિંગ માટે ઓનલાઈન રિઝર્વેશન સિસ્ટમનો સમાવેશ થાય છે. ઓપન લૂપ ટિકિટિંગ સિસ્ટમ બસના શુલ્કમાં પારદર્શિતા સુનિશ્ચિત કરશે અને આવકની ખોટ અટકાવશે.

## ➤ SpaceTech ઈનોવેશન નેટવર્ક (SpIN)

તાજેતરમાં ISROએ SpaceTech ઈનોવેશન નેટવર્ક (SpIN)ના લોન્ચ માટે એક મલ્ટિ–સ્ટેજ ઈનોવેશન ક્યુરેશન અને વેન્ચર ડેવલપમેન્ટ પ્લેટફોર્મ સોશિયલ આલ્ફા સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે. SpIN એ વિકસતા અવકાશ ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમ માટે નવીનતા, ક્યુરેશન અને એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ માટેનું ભારતનું પ્રથમ સમર્પિત પ્લેટફોર્મ છે. સ્પીન પ્લેટફોર્મ દેશમાં સ્પેસ ઈકોસિસ્ટમમાં સહયોગ અને યોગદાન આપવા માટે વિવિધ હિસ્સેદારો માટે એક સમાન અવસરનું ક્ષેત્ર બનાવશે. નવીન તકનીકો મોટા પાયે સમાજ માટે આર્થિક, સામાજિક અને પર્યાવરણીય લાભોને શ્રેષ્ઠ બનાવવા માટે અવકાશ એપ્લિકેશનોના ઉપયોગને પરિવર્તિત કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે.

## ➤ રાષ્ટ્રીય વિદેશી શિષ્યવૃત્તિ યોજના

તાજેતરમાં રાષ્ટ્રીય વિદેશી શિષ્યવૃત્તિ યોજના હેઠળ અભ્યાસ કરવાની તક મેળવનાર ભારતીયોએ આ શિષ્યવૃત્તિ કાર્યક્રમ માટે ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રીય વિદેશી શિષ્યવૃત્તિ યોજના એ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. તે અનુસૂચિત જાતિના ઓછી આવક ધરાવતા વિદ્યાર્થીઓ, વિચરતી અને અર્ધ વિચરતી જાતિઓ, ભૂમિહીન ખેત મજૂરો અને પરંપરાગત કારીગર વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરીને ઉચ્ચ શિક્ષણ મેળવવાની સુવિધા આપે છે. આ યોજના પસંદગીના ઉમેદવારોને અનુસ્નાતક સ્તરના અભ્યાસક્રમો અને વિદેશમાં પીએચડી કરવા માટે સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ/યુનિવર્સિટી અથવા તે દેશમાં અધિકૃત સંસ્થાઓમાં અભ્યાસના કોઈપણ ક્ષેત્રમાં નાણાકીય સહાય પૂરી પાડે છે. તેની અમલીકરણ એજન્સી સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય હેઠળ વિકલાંગ વ્યક્તિઓના વિભાગ છે. દરેક પસંદગી વર્ષમાં આ યોજના હેઠળ ભંડોળની ઉપલબ્ધતા અનુસાર 125 નવા પુરસ્કારો આપવામાં આવશે. દર વર્ષે પુરસ્કારોના 30% મહિલા ઉમેદવારો માટે નિર્ધારિત કરવામાં આવે છે. તેમની પાત્રતા લાયકાત પરીક્ષામાં ઓછામાં ઓછા 60% ગુણ અથવા સમકક્ષ ગ્રેડ છે.

JOIN WHATSAPP GROUP / joinicerajkot.com

## વિશ્વ

➤ **Migration and Development Brief 2022 રિપોર્ટ**

વર્લ્ડ બેંકે તાજેતરમાં તેનું 37મું સ્થળાંતર અને વિકાસ સંક્ષિપ્ત 2022 'રેમિટન્સ બ્રેવ ગ્લોબલ હેડવિન્ડ્સ, સ્પેશિયલ ફોકસ : ક્લાઈમેટ માઈગ્રેશન' શીર્ષક રજૂ કર્યુ હતું. આ રિપોર્ટ અનુસાર 2022માં ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં રેમિટન્સ 5% વધીને લગભગ 626 મિલિયન અમેરિકન ડોલર થવાની તૈયારીમાં છે. આ 2021માં 10.2 ટકાના વધારા કરતા ઓછું છે. 2023માં આ વૃદ્ધિ ધીમી પડીને લગભગ 2 ટકા થવાની ધારણા છે. ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોના લોકો માટે રેમિટન્સ એ મુખ્ય ઘરગથ્થુ આવકનો સ્ત્રોત છે. તેઓ બાળ આરોગ્ય અને શાળામાં નોંધણીને પ્રોત્સાહન આપવા તેમજ ગરીબી ઘટાડવા અને અર્થતંત્રોની સ્થિતિસ્થાપકતા વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

➤ **EQUULEUS સ્પેસક્રાફ્ટ : જાપાન**

જાપાનીઝ સ્પેસ એજન્સી JAXAએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેણે તેના EQUULEUS અવકાશયાનને આગળ ધપાવવા માટે સફળતાપૂર્વક વરાળનો ઉપયોગ કર્યો હતો, જે આર્ટેમિસ I મિશનના ભાગરૂપે સ્પેસ લોન્ચ સિસ્ટમ (SLS)ની પ્રથમ ફ્લાઈટમાં લોન્ચ કરવામાં આવનાર 10 ક્યુબસેટ્સમાંથી એક તરીકે લોન્ચ કરવામાં આવ્યું હતું. Equilibrium Lunar - Earth Point 6U સ્પેસ ક્રાફ્ટ (EQUULEUS) એ 6U ક્યુબસેટ ફોર્મેટનો નેનો સાઈટ જ છે જે વૈજ્ઞાનિકોને પ્રદેશના રેડિયેશન પર્યાવરણ સમજવામાં મદદ કરવા પૃથ્વીની આસપાસ પ્લાઝમાના વિતરણને માપશે.

➤ **ChatGPT**

તાજેતરમાં OpenAIએ Chat GPT નામનો એક નવો ચેટબોટ રજૂ કર્યો છે, જે એક 'ઈન્ટરેક્ટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) છે. અને તે માણસની જેમ પ્રશ્નોના જવાબ આપશે. ChatGPT 'અનુવર્તી પ્રશ્નો'નો જવાબ આપી શકે છે અને તેની ભૂલો સ્વીકારી શકે છે, ખોટી માન્યતાઓને પડકારી શકે છે અને તેની ભૂલો સ્વીકારી શકે છે, તેમજ અયોગ્ય વિનંતીઓને નકારી શકે છે. તે કંપનીની GPT 3.5 શ્રેણીના લેંગ્વેજ લર્નિંગ મોડલ (LLM) પર આધારિત છે. GPTનો અર્થ જનરેટિવ પ્રી–ટ્રેઈન્ડ ટ્રાન્સફોર્મર-3 છે અને તે એક પ્રકારનું કમ્પ્યૂટર લેંગ્વેજ મોડલ છે જે ઈનપુટના આધારે માનવ જેવુ લખાણ બનાવવા માટે ડીપ લર્નિંગ ટેકનિક પર આધાર રાખે છે. તેનો ઉપયોગ વાસ્તવિક દુનિયાની એપ્લિકેશનો માટે થઈ શકે છે. જેમ કે ડિજિટલ માર્કેટિંગ, ઓનલાઈન સામગ્રી બનાવટ, ગ્રાહક સેવાના પ્રશ્નોના જવાબ આપવા અથવા ડિબગ કોડને મદદ કરવા માટે તેનો ઉપયોગ કોડ લખવા માટે પણ થઈ શકે છે.

➢ **શ્રી વોલોડીમિર ઝેલેન્સકી 2022ના ટાઈમ પર્સન ઓફ ધ યર બન્યા**

યુક્રેનના રાષ્ટ્રપતિ શ્રી વોલોડીમિર ઝેલેન્સકીને ટાઈમ મેગેઝિન દ્વારા 2022 પર્સન ઓફ ધ યર જાહેર કરવામાં આવ્યા છે. પર્સન ઓફ ધ યર એ ટાઈમ મેગેઝિનનું વાર્ષિક પ્રકાશન છે જે વ્યક્તિ, જૂથ, કોઈ વિચાર અથવા ઓબ્જેક્ટનું નિરુપણ કરે છે જેણે વર્ષની ઘટનાઓને નોંધપાત્ર રીતે પ્રભાવિત કર્યા હોય. તે જર્નલના સંપાદકો દ્વારા પસંદ કરવામાં આવે છે.

## ICE ? Questions

➢ ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022માં કુલ 182માંથી સૌથી વધુ 156 સિટ કોને મળી છે ? – ભારતીય જનતા પાર્ટી

➢ તાજેતરમાં ચર્ચામાં રહેલ ધમ્મ દીપા ઈન્ટરનેશનલ બૌદ્ધ યુનિવર્સિટી કયા રાજ્યમાં આવેલ છે ? – ત્રિપુરા

➢ તાજેતરમાં કોણે 'CCUS પોલિસી ફ્રેમવર્ક એન્ડ ઈમ્પ્લીમેન્ટેશન મિકેનિઝમ ઈન ઈન્ડિયા' શીર્ષકનો અભ્યાસ અહેવાલ બહાર પાડ્યો છે ? – નીતિ આયોગ

➢ તાજેતરમાં કોણે Migration and Development Brief 2022 રિપોર્ટ બહાર પાડ્યો હતો ? – વર્લ્ડ બેંક

➢ કયા દેશની સ્પેસ એજન્સીએ તેના EQUULEUS અવકાશયાનને આગળ ધપાવવા માટે સફળતાપૂર્વક વરાળનો ઉપયોગ કર્યો હતો ? – જાપાન

➢ તાજેતરમાં કયા રાજ્યએ 'ઓપન લૂપ ટિકિટિંગ સિસ્ટમ' શરૂ કરી છે ? – હરિયાણા

➢ AICEનું પૂરું નામ શું છે ? – ઓસ્ટ્રેલિયા – ઈન્ડિયા સેન્ટર ફોર એનર્જી

➢ વર્ષ 2022ના ટાઈમ પર્સન ઓફ ધ યર કોણ બન્યા છે ? – શ્રી વોલોડીમિર ઝેલેન્સકી

➢ તાજેતરમાં કોણે ChatGPT નામનો એક નવો ચેટ બોટ રજૂ કર્યો છે ? – OpenAI

➢ તાજેતરમાં ISROએ SpINના લોન્ચ માટે _____ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે. – સોશિયલ આલ્ફા

➢ _____ એ દેશના ડોક્ટરો વચ્ચેની ટેલીમેડિસિન સેવા છે. – ઈ–સંજીવની

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. વિજય હજારે ટ્રોફીમાં કયા ખેલાડીએ એક ઓવરમાં સાત છગ્ગા ફટકાર્યા હતા ? – શ્રી ઋતુરાજ ગાયકવાડ
2. સમૃદ્ધ દેશો ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ, જાપાન અને કેનેડાએ 2050 સુધીમાં ઈન્ડોનેશિયાની કોલસા પરની નિર્ભરતા દૂર કરવા અને કાર્બન તટસ્થતા કરવા G20 સમિટ દરમિયાન _____ નું યોગદાન આપ્યું હતું. – 20 બિલિયન અમેરિકન ડોલર
3. તાજેતરમાં ભારત સરકારના _____ મંત્રાલયે 'સ્વર ધરોહર ફાઉન્ડેશન'ના સહયોગથી કલાંજલી અંતર્ગત ત્રણ દિવસીય 'સ્વર ધરોહર મહોત્સવ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. – સંસ્કૃતિ મંત્રાલય
4. 3 અને 4 ડિસેમ્બર, 2022ના રોજ કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા કર્મચારી રાજ્ય વીમા નિગમની કેટલામી બેઠકનું આયોજન થયું હતું ? – 189મી
5. કઈ સંસ્થાના સંશોધકોએ આગામી પેઢીના ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ઉત્પાદન માટે ઊર્જા–કાર્યક્ષમ કમ્પ્યૂટિંગ પ્લેટફોર્મ વિકસાવ્યું છે ? – ભારતીય વિજ્ઞાન સંસ્થા
6. કયા રાજ્યમાં અનામત વધારીને 76% કરવા માટેનું બિલ પસાર કરવામાં આવ્યું છે ? – છત્તીસગઢ
7. કઈ હાઈકોર્ટે મંદિરોમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે ? – મદ્રાસ હાઈકોર્ટ
8. 2010 થી દર વર્ષે _____ ના રોજ 'આંતરરાષ્ટ્રીય ચિત્તા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. – 4 ડિસેમ્બર (ડો. લૌરી માર્કર ખપ્યામની યાદમાં આ દિવસને 'આંતરરાષ્ટ્રીય ચિત્તા દિવસ' નામ આપ્યું છે, તેણે ચિત્તાને વિન્સ્ટન, એરગોનમાં વાઈલ્ડલાઈફ સફારીમાં એક બચ્ચા તરીકે ઉચ્છેરયો હતો.)
9. તાજેતરમાં અદાણી જૂથે કેરળ હાઈકોર્ટમાં _____ ખાતે બંદર બાંધકામ સ્થળ પર સુરક્ષા દળો મોકલવા માટે અરજી કરી હતી, જે હિંસક માછીમારોના વિરોધને કારણે વિક્ષેપિત થઈ રહી છે. – વિઝિનજામ
10. સેમરુ જ્વાળામુખી જે તાજેતરમાં સમાચારમાં હતો તે કયા દેશમાં આવેલો છે ? – ઈન્ડોનેશિયા
11. ભારતમાં યોજાયેલી પ્રથમ G20 શેરપા બેઠકનું યજમાન શહેર કયું છે ? – ઉદયપુર
12. નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશનના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – રાજીવ લક્ષ્મણ કરંદીકર
13. કયા દેશે તેનું નવીનત્તમ અણુ સ્ટીલ્થ બોમ્બર એરક્રાફ્ટ 'B-21' લોન્ચ કર્યું છે ? – અમેરિકા
14. 2022 સુધીમાં ચીન અને યુએસ પછી ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર કયો દેશ છે ? – સંયુક્ત આરબ અમીરાત

INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. કયા દેશે ગશ્ત–એ–ઈર્શાદ અથવા 'ગાઈડન્સ પેટ્રોલ' તરીકે ઓળખાતી નૈતિક પોલીસનો ભંગ કર્યો છે ? – ઈરાન
16. વિશ્વનું પ્રથમ ગોલ્ડ ATM કયા શહેરમાં લોન્ચ કરવામાં આવ્યું છે ? – હૈદરાબાદ
17. વર્લ્ડ બેંક ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટ મુજબ 2022-23 માટે ભારતના GDPનું અનુમાન શું છે ? – 6.9%
18. કઈ સંસ્થાએ 'ક્લાઈમેટ ઈન્વેસ્ટમેટ ઓપોર્ચ્યુનિટીઝ ઈન ઈન્ડિયાઝ કૂલિંગ સેક્ટર' નામનો અહેવાલ બહાર પાડ્યો છે ? – વિશ્વ બેંક
19. વાય. કે. અલઘ (Y K Alagh) જેનું તાજેતરમાં નિધન થયું હતું. તે કયા વ્યવસાય સાથે સંકળાયેલા હતા ? – અર્થશાસ્ત્રી
20. 12મી વિશ્વ હિન્દી પરિષદનો યજમાન કયો દેશ છે ? – ફિજી
21. તાજેતરમાં બેક્ટેરિયલ ચેપ 'Strep A'ને કારણે બાળકોના મૃત્યુ કયા દેશમાં નોંધાયા છે ? – યુનાઈટેડ કિંગ્ડમ
22. 'Arton Capital Passport Index 2022'માં ભારતનો ક્રમ કેટલામો છે ? – 87
23. તુંગારેશ્વર વન્યજીવ અભયારણ્ય જે તાજેતરમાં સમાચારોમાં હતું. તે કયા રાજ્યમાં આવેલું છે ? – મહારાષ્ટ્ર
24. કઈ સંસ્થાએ 'Preventing injuries and violence : an overview' નામનો અહેવાલ બહાર પાડ્યો છે ? – WHO

(આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ઈજાઓ અને હિંસાના કારણે વિશ્વભરમાં લગભગ 12,000 મૃત્યુ થાય છે. તેણે ઈજા–સંબંધિત મૃત્યુ નિવારણ પ્રયાસો વધારવાની જરૂરિયાતોને પણ પ્રકાશિત કરી છે, જે વિશ્વભરમાં 12 મૃત્યુમાંથી 1 માટે જવાબદાર છે.)

25. જાફના અને ચેન્નાઈ વચ્ચે સીધી ફ્લાઈટ સેવા શરૂ થશે. આ જાફના કયાં આવેલ છે ? – શ્રીલંકા
26. RBIએ કયા દેશની નાણાકીય સત્તા સાથે કરન્સી સ્વેપ કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – માલદીવ
27. દિના બોલુઆર્ટે તાજેતરમાં કયા દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ? – પેરુ
28. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા માટે કયું કેન્દ્રીય મંત્રાલય ભારતનું પ્રથમ જામીન બોન્ડ વીમા ઉત્પાદન લોન્ચ કરવા જઈ રહ્યું છે ? – માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય
29. 9મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ અને આરોગ્ય એક્સ્પો 2022નું યજમાન કયું રાજ્ય છે ? – ગોવા
30. IIT, દિલ્હી દ્વારા ______ ના રોજ ઉદ્યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. – 10 ડિસેમ્બર

**નોંધ:** આવતા અંકમાં ગુજરાત વિધાનસભા ચૂંટણીની સંપૂર્ણ માહિતી તથા મુખ્યમંત્રી વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# અવસર

# 50% DISCOUNT

TARGET

## તલાટી, જુ.ક્લાર્ક

₹999/- 3 MONTH VALIDITY

**FREE**
- E-Books (PDF)
- 500+ Video
- Mock Test

સફળતાની સંપૂર્ણ તૈયારી

## વનરક્ષક (બીટ ગાર્ડ)

₹2,500/- 1 YEAR VALIDITY

₹1,500/- 6 MONTH VALIDITY

**FREE**
- E-Books (PDF)
- 410+ Video
- Daily/Weekly Mock Test
- Reading Schedule

## TET 1 & 2

RECORDED BATCH

₹1,499/- 1 YEAR VALIDITY

₹999/- 6 MONTH VALIDITY

**FREE**
- E-Books (PDF)
- 500+ Video
- Daily/Weekly Mock Test
- Reading Schedule

## TET 1 & 2

LIVE BATCH

~~₹20,000/-~~ ₹9,999/- 1 YEAR VALIDITY

**FREE**
- All Subject Material & Books
- Lecture PDF
- Daily/Weekly Mock Test
- Reading Schedule

Google Play iceonline

93773-01110 (10:00am to 6:00pm)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT